ફેબ્રુઆરી ૨૦૧૬

કિંમત ₹ ૧૨/-

દાદા ભગવાન પરિવારનું

# અક્રમ એક્સપ્રેસ

## ભગવાન ક્યાં રહે છે ?






## સંપાદકીય

બાળમિત્રો,

નાનપણથી રોજ આપણે ભગવાનને વંદન કરીએ છીએ, પ્રાર્થના કરીએ છીએ, એમની ભક્તિ કરીએ છીએ. પણ શું આપણે એમના વિષે ખરેખર જાણીએ છીએ ? એ ક્યાં રહેતા હશે, શું કરતા હશે... એનો સાચો જવાબ આપણામાંથી ભાગ્યે જ કોઈને ખબર હશે.

પરમ પૂજ્ય દાદાશ્રીને આ વાત જડી ગઈ હતી. તો આવો, આ અંકમાં આપણે ભગવાનનું સાચું એડ્રેસ એમની પાસેથી જ જાણીએ.

-ડીમ્પલ મહેતા


**તંત્રી તથા સંપાદક:**
ડિમ્પલ મહેતા
વર્ષ : ૮, અંક : ૬
સળંગ અંક : ૯૦
*ફેબ્રુઆરી ૨૦૧૬*



**સંપર્ક સૂત્ર :**
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



**Printed & Published by**

**Dimple Mehta on behalf of**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Owned by**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

**Printed at**
**Amba Offset**
Basement, Parshvanath
Chambers, Nr.RBI,
Usmanpura, Ahmedabad-14.

**Published at**
**Mahavideh Foundation**
5, Mamtapark Society,
Bh.Navgujarat College,
Usmanpura, Ahmedabad-14.

# અક્રમ એક્સપ્રેસ

લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૧૨૫ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૦ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૫૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૪૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.



# દાદાજી કહે છે...

દાદાશ્રી : ભગવાન ક્યાં છે ? આપને શું લાગે છે ?
પ્રશ્નકર્તા : આખા બ્રહ્માંડમાં છે.
દાદાશ્રી : ના, એવું નથી. આ લાઈટ છે ને, તે આખી રૂમમાં એનું અજવાળું છે, પણ લાઈટ તો ત્યાં જ છે. એવી રીતે ભગવાન વિશ્વમાં અજવાળું કરે છે, પણ ભગવાન તો ભગવાનની જગ્યાએ જ છે !
પ્રશ્નકર્તા : તો શું ભગવાન નથી ?
દાદાશ્રી : ભગવાન ના હોય તો આ જગતમાં જે લાગણીઓ, સુખ અને દુઃખ એ બધું જે લાગે છે, એનો કોઈને અનુભવ જ ના થાત. માટે ભગવાન અવશ્ય છે.
પ્રશ્નકર્તા : ભગવાન ક્યાં રહે છે ?
દાદાશ્રી : તમને ક્યાં લાગે છે ?
પ્રશ્નકર્તા : ઉપર
દાદાશ્રી : ઉપર ક્યાં રહે છે ? એ એની પોળ નંબર શી ? પોળ જાણો છો તમે ? કાગળ પહોંચે એવું એડ્રેસ છે તમારી પાસે ? ઉપર તો કોઈ બાપોય નથી. બધે હું જઈ આવ્યો છુ. ઉપર ખાલી આકાશ જ છે.
પ્રશ્નકર્તા : સાચું એડ્રેસ આપશો ભગવાનનું ?
દાદાશ્રી : આંખે દેખાય એવા અથવા ના દેખાય, એવા દરેક જીવની અંદર ભગવાન છે. મનુષ્યોએ બનાવેલી વસ્તુ હોય, તેમાં ભગવાન નથી. આ ટેપરેકર્ડ, ઘડિયાળ એ બધું ક્રિયેશન કહેવાય. જે કુદરતી બનાવટ છે, એમાં ભગવાન છે. પાણીમાં, વાયુમાં, તેજમાં, બધામાં જ છે.

આ જગતના લોકો, દરેક જીવમાત્ર એ ભગવાન સ્વરૂપ જ છે. આ ઝાડ છે, એમાંય જીવ છે. હવે આમ લોકો મોઢે બોલે ખરાં કે બધામાં ભગવાન છે, પણ ખરેખર એની શ્રદ્ધામાં નથી. એટલે ઝાડને કાપે, એમને એમ અમથા તોડ તોડ કરે, એટલે બધું નુકસાન કરે છે. જીવમાત્રને કંઈ પણ નુકસાન દેવું, એનાથી પાપ બંધાય છે અને એમાં કોઈપણ જીવને કંઈ પણ સુખ આપવું, એનાથી પુણ્ય બંધાય છે. તમે બગીચામાં પાણી છાંટો છો તો જીવોને સુખ પડે કે દુઃખ ? એ સુખ આપો એનાથી પુણ્ય બંધાય છે. બસ, આટલું જ સમજવાનું છે.


તમારી મહીં પણ ભગવાન રહેલાં છે, એ ભગવાન ઓળખાઈ ગયા એટલે કામ થઈ ગયું. પણ એ તો દિવ્ય ચક્ષુ પ્રાપ્ત થાય, ત્યારે ભગવાન દેખાયને ! આ ચામડાની આંખથી ભગવાન ના દેખાય.

# આ તો નવી જ વાત !










તમારી-મારી વચ્ચે આંખથી ના
દેખાય, દૂરબીનથી ના દેખાય,
એવા સૂક્ષ્મ જીવોથી આ જગત
બધું ભરપટ્ટે ભરેલું છે. નર્યું
જીવોથી જ ભરેલું છે. એ દરેકની
મહીં ભગવાન બેઠાં છે.



આ સુખ છે ને આ દુઃખ છે,
એવું જ્ઞાન હોય ત્યાં ભગવાન
હોય. બીજે ભગવાન ના
હોય. જ્યાં સુખ દુઃખની
લાગણીઓ વર્તતી હોય ત્યાં
ભગવાન બેઠેલા હોય.




આત્મા બધે એક સરખો છે.
ફક્ત પેકિંગમાં ફેર છે. જુદાં
જુદાં ખોખાં છે ને મહીં
ભગવાન રહેલાં છે !

# મેસેજ


રીયા, આ કેવી હેર સ્ટાઈલ કરાવી છે ? ધ્વનીદીદીની હેર સ્ટાઈલ આવી છે ?
હા. કેમ મને સૂટ નથી કરતી ?
ના, સહેજ પણ નહીં. ધ્વનીદીદી જેવાં કપડાં, ધ્વનીદીદી જેવી હેર સ્ટાઈલ... હદ કરે છે તું તો !
સારું, મારે તારી બક-બક નથી સાંભળવી. મને સ્કૂલે જવાનું મોડું થાય છે. આજે ટીચર અમને ડ્રામાની સ્ટોરી કહેવાના છે અને રોલ્સ આપવાના છે.
બેગ ઉઠાવીને રીયા બસ સ્ટોપ પર ભાગી. બસ સ્ટોપ પર એક મજૂર બહેન પોતાના બાળકને લઈને ભોંય પર બેઠી હતી.
બહેન, કેટલા વાગ્યા ? બસ હજું કેમ નથી આવી ?
મજૂર બહેનનો પોશાક અને દેખાવ જોઈને, રીયાને સૂગ ચડી. જાણે એણે એમની વાત સાંભળી જ નથી એમ મોઢું ફેરવી દીધું.


રીયાને સ્કૂલે પહોંચતા મોડું થઈ ગયું હતું. ઉતાવળે ચાલતા એ સામેથી આવતા એક બહેનને અથડાઈ. બહેનનો દેખાવ જોઈને રીયાને ચીતરી ચડી.
બહેનની માફી માંગવાને બદલે એ મોઢું ફેરવીને ચાલવા લાગી.
આજે કેવા કેવા લોકો ભટકાય છે ! આવા લોકોને સ્કૂલમાં આવવાની પરમીશન કોણ આપતું હશે. ઈડિયટ !
પોતાની ધૂનમાં બબડી રહેલી રીયાને ખ્યાલ ન હતો કે ખૂણામાં લતા ટીચર ઊભા હતા. લતા ટીચરે આ આખો બનાવ જોયો.
ત્યાર બાદ ક્લાસ રૂમમાં...
ફ્રેન્ડસ, આપણા ડ્રામાનું શીર્ષક છે : 'ભગવાન ક્યાં રહે છે ?' ડ્રામાની સ્ટોરી અને રોલ્સ ડિસ્કસ કરતા પહેલાં મારે તમને એક સવાલ પૂછવો છે.
જો હું તમને કહું કે ડ્રામામાં જેનો બેસ્ટ અભિનય હશે તેને આ હજાર રૂપિયાની નોટ મળશે, તો તમારામાંથી કોણ આ નોટ લેવા તૈયાર થશે ?
બધાની આંગળીઓ ઉપર ઉઠી.


લતા ટીચરે એ જ નોટનો ડુચો કર્યો અને ફરી પ્રશ્ન કર્યો.
હવે, આ નોટ લેવા કોણ તૈયાર થશે ?
ફરી એટલી જ આંગળીઓ ઉપર ઉઠી.
ફ્રેન્ડસ, હજાર રૂપિયાની નોટ ગમે તેટલી ગંદી કે ચોળાઈ ગઈ હોય પણ એની કિંમત તો એટલી ને એટલી જ રહેશે. રાઈટ ?
હા !!
એ જ રીતે, કોઈ પણ જીવનો બાહ્ય દેખાવ ગમે તેવો હોય પણ એની અંદર ભગવાન બેઠેલા છે. જેમની કિંમત એક સરખી અમૂલ્ય છે.
ભગવાન બીજે ક્યાંય નથી, જીવમાત્રની અંદર છે. અને આ જ આપણા ડ્રામાનો મેસેજ છે.
ડ્રામાનો મેસેજ સમજાવીને ટીચરે ડ્રામાની સ્ટોરી કહી અને દરેકને પોત પોતાના રોલ્સ સમજાવ્યા.
ક્લાસમાંથી બહાર નીકળતા, રીયાની નજર પેલા ગંદા પોશાકવાળા બહેન પર પડી.
ધ્વની, તારું કોસ્ચ્યુમ પરફેક્ટ લાગે છે ! ઓલ ધ બેસ્ટ ફોર યોર ડ્રામા !
થેંક-યુ ટીચર !



ઓહ ધ્વનીદીદી આ તમે છો ? મેં તો તમને ઓળખ્યા જ નહીં. આઈ એમ સો સોરી ! સાંજે મારો ધક્કો તમને વાગી ગયો હતો.
ઈટ્સ ઓકે રીયા, નો પ્રોબ્લેમ !
એમ કહી, ધ્વનીદીદી નીકળી ગયા. રીયા એકદમ ભોંઠી પડી ગઈ હતી. લતા ટીચરે ધ્વની અને રીયાનો વાર્તાલાપ સાંભળ્યો.
રીયા, તને ધ્વનીદીદીની સાચી ઓળખાણ પડી તો તારી એમના તરફની દૃષ્ટિ બદલાઈ ગઈ અને તને તારી ભૂલ સમજાઈ. ખરું ને ?
હા ટીચર.
જેમ ભિખારીના વેશમાં ખરેખર ધ્વનીદીદી છે, તેમ દરેક જીવ ખરેખર ભગવાન સ્વરૂપ જ છે. આપણો ધક્કો કોઈને વાગી જાય અથવા આપણાથી કોઈને દુઃખ થઈ જાય તો એની અંદર બેઠેલા ભગવાનની માફી માંગી લેવી જોઈએ. સમજાયું તને ?
હા ટીચર.
આજે તો ડ્રામાના મેસેજનું ફરી રિવિઝન થઈ ગયું !
તે દિવસે રીયાએ ડ્રામાનો મેસેજ જ નહીં, પણ લાઈફનો સૌથી મહત્વપૂર્ણ મેસેજ શીખ્યો.

# ભગવાનનું એડ્રેસ

પાર્થે દાદાજીની રૂમમાં ડોકિયું કર્યું અને ધીમા પગલે એ રૂમમાં પ્રવેશ્યો. રૂમમાં ચારે કોર એણે નજર ફેરવી. ટેબલ પર પડેલી ફોટો ફ્રેમ ઉઠાવી, થોડી ક્ષણો સુધી એ દાદાજી અને પોતાના ફોટાને તાકતો રહ્યો. ખૂણામાં પડેલી દાદાજીની રોકિંગ ચેરમાં જઈને એ ગોઠવાઈ ગયો. બારીની બહાર નજર કરી, તો ઝરમર ઝરમર વરસાદ પડી રહ્યો હતો. આંખો બંધ કરી, દાદાજી સાથે માણેલી સુંદર પળોની યાદોમાં એ ખોવાઈ ગયો. પાર્થની આંખોમાંથી ટપ ટપ આંસુ પડવા લાગ્યા.

મનોમન એ દાદાજી સાથે વાતો કરવા લાગ્યો, "ક્યાં જતા રહ્યા દાદાજી તમે ? મને એકલો મૂકીને ક્યાં જતા રહ્યા ? તમે જ તો મારા બેસ્ટ ફ્રેન્ડ હતા."

ત્યાં તો અચાનક મમ્મીનો અવાજ સંભળાયો, "પાર્થ, ક્યાં છે દીકરા ?"

પાર્થને રોકિંગ ચેરમાં બેઠેલો જોઈ, મમ્મી ઢીલી પડી ગઈ. પાર્થ પાસે જઈ, હળવે હાથે એના કપાળ પર મમ્મીએ હાથ ફેરવ્યો. પાર્થ મમ્મીને વળગી પડ્યો.

"મમ્મી, તું કહે છે કે દાદાજી ભગવાન પાસે ગયાં. પણ મારે જાણવું છે કે ભગવાન ક્યાં રહે છે ? ભગવાન પાસે દાદાજી હેપ્પી તો હશે ને ? મારે ભગવાનને દાદાજી વિષે પૂછવું છે."

"દીકરા, આજે આપણે મંદિરમાં પૂજા રાખી છે. મંદિરના પુજારી પાસે તું તારા બધા જ પ્રશ્નોના ખુલાસા મેળવજે. ચાલ હવે, જલ્દી તૈયાર થઈ જા."

પૂજા પૂરી થઈ ગઈ એટલે પાર્થ પુજારી પાસે પ્રસાદ લેવા ગયો. જમણો હાથ લાંબો કરી, પ્રસાદ લીધો અને પછી પલાઠી વાળી પુજારીની બાજુમાં જ ગોઠવાઈ ગયો.

"પુજારી મહારાજ, એક પ્રશ્ન પુછું ?"

"હા, પણ એક પ્રશ્ન તો તે પૂછી પણ કાઢ્યો. હવે બીજો પૂછ," મહારાજે પાર્થ સાથે થોડી ગમ્મત કરી.

"મહારાજ, તમે ભગવાનને જોયા છે ? ભગવાન ક્યાં રહે છે ? હું ભગવાનને શોધી રહ્યો છું."

નાનકડા બાળકનો આવા ગંભીર પ્રશ્ન સાંભળીને મહારાજ આશ્ચર્ય પામ્યા !





"બેટા, આમ તો કહેવાય છે કે ભગવાન મંદિરમાં રહે છે. પણ ખરું કહું તો આજ સુધી મને ભગવાનના સાચા દર્શન થયા નથી."

નાનકડા બાળકને નિરાશ કરવાનું મહારાજને દુઃખ તો થયું, પણ બાળકને સાચી વાત કહેવી પણ જરૂરી હતી.

"મહારાજ, ઘણા લોકો કહે છે કે ભગવાન આકાશમાં રહે છે, શું એ વાત સાચી છે ?"

"દીકરા, એવી માન્યતા તો છે, પણ આજ સુધી મને એવી કોઈ વ્યક્તિ મળી નથી કે જેણે આકાશમાં ભગવાનના દર્શન કર્યા હોય."

આજે પણ પાર્થને પોતાના પ્રશ્નના ખુલાસા ન મળ્યા. એના મનમાં ગડમથલ ચાલુ જ રહી, "તો પછી ભગવાન ક્યાં રહેતા હશે ? ભગવાનનું કંઈક એડ્રેસ તો હશે ને ?"

ઘરે આવીને પાર્થને ચેન પડતું નહોતું. કબાટમાંથી જૂનો ફોટો આલ્બમ કાઢીને એ ફોટા જોઈ રહ્યો હતો, ત્યાં તો મમ્મીનો અવાજ સંભળાયો, "પાર્થ, તું ફ્રી હોય તો બાજુ વાળા સુધા આંટીને ત્યાં આ પ્રસાદ આપી આવને."

પ્રસાદનું પેકેટ લઈને એ સુધા આંટીને ત્યાં ગયો. લીવીંગ રૂમમાં રોહિતભાઈને જોઈને પાર્થના મોઢા પર એક મોટી સ્માઈલ આવી ગઈ.

"અરે, ગુગલ, તમે ક્યારે આવ્યા ?" સુધા આંટીને પ્રસાદનું પેકેટ આપીને પાર્થ રોહિતભાઈ પાસે જઈને બેસી ગયો.

સુધા આંટીના દીકરા, રોહિતભાઈનું નામ, પાર્થે 'ગુગલ' પાડ્યું હતું. કારણ કે, ગણિત હોય કે ભૂગોળ, ઈતિહાસ હોય કે વિજ્ઞાન, રોહિતભાઈ પાસેથી પાર્થને બધા જ સવાલોના જવાબ મળતા હતા. રોહિતભાઈ જ્યારથી હોસ્ટેલમાં ગયા હતા, ત્યારથી પાર્થને એમની કમી ખૂબ મહેસૂસ થતી હતી.

"બસ, હમણાં કલાક પહેલાં જ આવ્યો દોસ્ત. તું બોલ, તું કેમ છે ?" રોહિતભાઈએ પાર્થના ખભા પર હાથ મૂકીને પૂછ્યું.

રોહિતભાઈના સવાલથી પાર્થ થોડો ગુમસુમ થઈ ગયો.

પાર્થને ગુમસુમ જોઈને રોહિતભાઈને ખ્યાલ આવી ગયો, "આઈ એમ વેરી સોરી. મેં દાદાજી વિષે સાંભળ્યું." રૂમમાં થોડી ક્ષણો માટે ચુપકીદી છવાઈ ગઈ.

અચાનક પાર્થે રોહિતભાઈને પૂછ્યું, "ભગવાન ક્યાં રહે છે ?"

પાર્થનો આ સવાલ સાંભળીને રોહિતભાઈ થોડા અવાક થઈ ગયા.

"પાર્થ, ચાલ આપણે બહાર હીંચકા પર બેસીને શાંતિથી વાતો કરીએ." રોહિતભાઈ પાર્થને બાલ્કનીમાં લઈ ગયા.

પાર્થ પોતાના જવાબની રાહ જોઈ રહ્યો હતો. પગના એક હલકા ધક્કા વડે, રોહિતભાઈએ હીંચકાને હળવો વેગ આપ્યો. પછી પાર્થ સામે જોઈને બોલ્યા, "ગોડ ઈઝ ઈન એવરી ક્રિયેચર, વેધર વિઝિબલ ઓર ઈન વિઝિબલ, નોટ ઈન ક્રિયેશન."

"એટલે?!!

"આ હીંચકો એ ક્રિયેશન કહેવાય. જેટલી મેન મેડ વસ્તુ છે, મનુષ્યોએ

બનાવેલી વસ્તુ હોય, તેમાં ભગવાન નથી. કુદરતી બનાવટ છે, એમાં ભગવાન છે. એટલે મારામાં, તારામાં, આ ઝાડ-પાન, પશુ-પક્ષી, જીવ માત્રમાં ભગવાન છે."

"ખરેખર ? પણ એવું કેવી રીતે ખબર પડે કે ક્રિયેશનમાં ભગવાન નથી?"

"આ હીંચકાને હું મારું, તો એને વાગે?"


"ના"

"અને તને મારું તો?"

"હા, વાગે!"

"એટલે જ્યાં જ્યાં લાગણી છે ત્યાં ત્યાં ભગવાન છે. ભગવાનની હાજરી છે એટલે જ સુખ-દુઃખ, ઠંડી-ગરમી, ભૂખ તરસ એવી બધી લાગણીઓનો અનુભવ કરી શકાય."

"વાઉ, સો ઈન્ટ્રેસ્ટીંગ !" આટલા દિવસોમાં પહેલી વાર પાર્થને સમાધાન મળી રહ્યું હતું. પણ હજી એના પ્રશ્નો ચાલું હતા. "ગુગલ, જો જીવ માત્રમાં ભગવાન હોય, તો દાદાજી ક્યાં ગયા ? મને તો મમ્મી એમ કહેતી હતી કે દાદાજી ભગવાન પાસે ગયા."



"પાર્થ, તું મને એક વાત કહે, તારું આ શર્ટ જૂનું થઈને ફાટી જાય, તો તું નવું શર્ટ પહેરેને?"

"હા" પાર્થે ટૂંકામાં જવાબ આપ્યો. મનમાં પ્રશ્ન તો ઉઠ્યો કે આ વાતને દાદાજીની વાત સાથે શું લેવાદેવા હશે, પણ એણે ધીરજ રાખી.

"હં... તો જે રીતે તારું શર્ટ જૂનું થાય અને ફાટી જાય તો તું નવું શર્ટ પહેરે, તે જ રીતે, દાદાજીનું શરીર જૂનું થઈને, ઘસાઈ ગયું હતું, એટલે એમની અંદર બેઠેલા ભગવાને એમનો જૂનો દેહ મૂકીને નવો દેહ ધારણ કર્યો. તને દાદાજીની યાદ આવે, ત્યારે તારે એમની અંદર બેઠેલા ભગવાનને પ્રાર્થના કરવાની. કરીશને?"

"હા, શ્યોર!" પાર્થ ધીમા અવાજે બોલ્યો, "તો એનો મતલબ, મારે દાદાજી માટે દુઃખી ના થવું જોઈએ. ઉલટું, મારે તો એમ વિચારવું જોઈએ કે એમને નવું શરીર મળ્યું. રાઈટ?"

"એબ્સોલ્યુટલી રાઈટ મિસ્ટર !" રોહિતભાઈએ હળવે હાથે વહાલથી પાર્થના ગાલ પર એક ધીમી થપાટ મારી.

પાર્થની આંખોમાં ચમક આવી ગઈ. કેટલાય દિવસોથી બેચેન કરતા પ્રશ્નનું સમાધાન મેળવીને એણે એક અનેરું ચેન અનુભવ્યું. એ રોહિતભાઈને ભેટી પડ્યો, "થેંક યુ સો મચ, ગુગલ!"

તે રાત્રે પાર્થ ફરી દાદાજીની રૂમમાં ગયો. દાદાજીની રોકિંગ ચેર પર બેસી એક નાનકડી પ્રાર્થના કરી, "દાદાજીની અંદર બેઠેલા હે ભગવાન, તમે જ્યાં હો ત્યાં ખુશ રહેજો."

# મીઠી યાદેં

એક વખત બધી બહેનોએ મળીને મઠીયા બનાવ્યા હતા. સૌના કહેવાથી એક બહેન નીરૂમાને મઠીયા ચખાડવા ગઈ. મઠીયા ચાખી નીરૂમા બોલ્યા, “સરસ છે.” પછી તરત જ નીરૂમાએ એ બહેનને પૂછ્યું, “કેવું લાગે છે તને હવે ? ઓછાં થયા તને ભોગવટા ?”

એ વખતે એ બહેનને ભોગવટા રહેતા હતા. એમણે નીરૂમાને પોતાના ભોગવટાનું વર્ણન કર્યું અને કહ્યું, “મને ખબર નથી પડતી કે હું કેવી રીતે આ ભોગવટામાંથી બહાર નીકળવા માટે સ્ટડી કરું ?”

નીરૂમાએ કહ્યું, “તું નેગેટિવિટીમાંથી બહાર નીકળ. સૌથી પહેલા તું તારી જાતની નેગેટિવિટીમાંથી બહાર નીકળ.

નીરૂમાના શબ્દોમાં એટલું બધું બળ હતું કે એ બહેનને એવા સંજોગો અને નિમિત્તો મળ્યા કે તેઓ ધીમે ધીમે નેગેટિવિટીમાંથી બહાર નીકળવા લાગ્યા. એના કારણે એમનું ખૂબ ડેવલપમેન્ટ થયું. નેગેટિવિટીના કારણે એમની જે શક્તિઓ હણાઈ જતી હતી, તે ખીલવા લાગી અને એમની સૂઝ અને કોન્ફિડન્સ લેવલ પણ ખૂબ વધ્યા. પહેલા તેઓ મશીનો સાથે કામ કરી શકતા પણ માણસો સાથે કામ કરવાનું એમને ફાવતું નહીં. પણ ધીમે ધીમે એમની પ્રકૃતિ એટલી બધી બદલાઈ ગઈ કે તેઓ ગમે તેની સાથે ડીલિંગ કરી શકવા લાગ્યા અને ગમે તેવા કપરા સંજોગોમાં પણ ટકી શકવા સમર્થ બન્યા.

આમ નીરૂમાના શબ્દોમાં એવું વચનબળ હતું કે એ બહેન નેગેટિવિટીમાંથી બહાર નીકળી ગઈ અને ખૂબ સુંદર દાદાનું કામ કરવા લાગી.

**જ્ઞાનીને બધાનું આરપાર કેવું દેખાતું હશે કે તેઓ એકઝેટ કહી શકે કે પ્રોબ્લેમ ક્યાં છે. ખરેખર, એમના પ્રત્યેની આધિનતા આપણું સર્વ પ્રકારે કલ્યાણ કરીને જ રહે..**




# ઐતિહાસિક ગૌરવગાથાઓ

સુવ્રત મુનિ ખૂબ ધ્યાની, જ્ઞાની અને તપસ્વી હતા. તેમને એક માસના ઉપવાસ બાદ પારણું હતું. તેથી તે ભિક્ષા માટે ફરતાં ફરતાં ચંપાનગરીમાં આવી પહોંચ્યા. ત્યાં કોઈ મંગલ પ્રસંગે સિંહકેસરીયા લાડુની પ્રભાવનાની વાત થઈ રહી હતી. તેમણે મનમાં નિર્ણય કર્યો કે, "આજે ગોચરીમાં માત્ર સિંહકેસરીયા લાડુ જ વહોરવા."

એવા વિચાર કરતાં કરતાં તે એક શ્રાવકના ઘર પાસે આવ્યા અને વહોરાવવા કહ્યું. શ્રાવકે તપસ્વી મુનિનું ખૂબ ભાવથી સ્વાગત કર્યું. તેમણે એકથી વધુ વાનગી મુનિને આપવા કાઢી પણ તેમાં સિંહકેસરીયા લાડુ ન હતા તેથી મુનિ ભિક્ષા લીધા વિના પાછા ફરી ગયા. શ્રાવકને થયું કે મુનિને કોઈ અભિગ્રહ હશે તેથી જ ભિક્ષા ન લીધી.

ત્યાંથી મુનિ બીજા શ્રાવકને ત્યાં ગયા. ત્યાં પણ લાડુ ન મળ્યા. આમ કરતાં કરતાં સાંજ પડી ગઈ પણ સિંહકેસરીયા લાડુ કયાંય ના મળ્યા. તેથી તે ખૂબ ખિન્ન અને ઉદાસ બન્યા. મુનિ લાડુ વહોરવા માટે સાંજ પછી પણ ગોચરી માટે ફરતા રહ્યા. સૂર્ય આથમી ગયો. તેઓ એક શ્રાવકના ઘર આંગણે જઈ ઊભા રહ્યા અને બોલ્યા, "સિંહ કેસરીયા".



શ્રાવક વિચારમાં પડી ગયો કે આંગણે સિંહકેસરીયા કોણ બોલે છે ? તેમને વિશ્વાસ ન બેઠો કે આટલા તપસ્વી સાધુ ધર્મલાભ ને બદલે સિંહકેસરીયા કેમ બોલ્યા હશે ? શ્રાવક વિવેકી અને જ્ઞાની હતો. તેણે મશાલના અજવાળામાં ધ્યાનથી જોયું તો અરે ! આ તો મહાતપસ્વી સુવ્રત મુનિ ! આવા વૈરાગી, જ્ઞાની રાતના સમયે ગોચરી માટે કેમ નિકળ્યા હશે ? કંઈક કશુંક ખોટું થયું છે, તે કળી ગયો.

આ શ્રાવકને સાધુઓ પ્રત્યે ખૂબ આદર અને ભક્તિભાવ હતો, તેથી તેણે સાધુનું સ્વમાન સચવાય તે રીતે સાધુનું સ્વાગત કર્યું. વહોરાવા લાવેલ વાનગીમાં સિંહકેસરીયા લાડુ પણ હતા. મુનિએ તરત પાત્ર ધર્યું. તેમનું ચિત્ત શાંત થયું. પણ શ્રાવકની મુંઝવણ વધી ગઈ. તેમને થયું કે, "મુની આ લાડુની લાલચના કારણે રાત્રીભોજન કરશે તો તેમનું મહાવ્રત ખંડિત થશે. હું શું કરું કે મુનિરાજ

મહાદોષમાંથી ઊગરી જાય ?"

ત્યાં તો તેમનાં મનમાં ચમકારો થયો ? મુનિ જતા હતા ત્યાં જ તેમણે વિનયથી કહ્યું, "હે તપસ્વી, આજે મેં ચોવિહાર કર્યો છે. તો તેનો સમય થઈ ગયો છે કે નહીં તે કહેવા કૃપા કરો." તપસ્વી મુનિએ સમય જોવા આકાશ તરફ આંખ ઊંચી કરીને જોયું તો હૈયે ધ્રાસકો પડ્યો. "અરે ! રાત થઈ ગઈ છે અને હું શ્રાવકને ઘરે ગોચરી માટે

## "હે તપસ્વી, આજે મેં ચોવિહાર કર્યો છે. તો તેનો સમય થઈ ગયો છે કે નહીં તે કહેવા કૃપા કરો."

આવ્યો છું ! ઓહો ! મારાથી આ શું થઈ ગયું ? લાડવાના લોભ અને લાલચમાં હું મારી મર્યાદા ભૂલી ગયો ?"



મુનિએ સ્વસ્થતાથી શ્રાવકને કહ્યું, "તું સાચે જ વિનયી છે કે તે શ્રાવકનું કર્તવ્ય સમજીને મને ગોચરી વહોરાવી અને પચ્ચખાણનો સમય પૂછી મને ખાવાની લાલસામાંથી બચાવ્યો અને મારા માર્ગમાંથી મને પડતો બચાવી લીધો. હું તમને વંદન કરું છું." અને મુનિ ત્યાંથી તરત જ તેમના આત્માના કલ્યાણના રસ્તે ચાલી નીકળ્યા.

**બોધ :-**

**૧) આપણે આપણા ઘરના આંગણે આવેલ સાધુ-ભગવંતનો આદર કરવો જોઈએ.**

**૨) શ્રાવક મુનિ કરતાં નીચા પદ પર હતાં છતાં તેમણે વિનય સાથે મુનિની ભુલ બતાવી અને તેમને તેમના માર્ગમાંથી પડતા બચાવ્યા.**

**૩) મુનિ પણ કેવા કે તેમનાથી નીચા પદે શ્રાવક હતા છતાં એમને વંદન કર્યા અને પોતાની ભૂલ સ્વીકારી પાછા ફર્યા.**

**તેથી બાળકો આપણે પણ જીવનમાં ક્યારેક ભૂલ થાય તો સાચી વાત સ્વીકારી તરત પાછા ફરવું જોઈએ (મુનીની જેમ). અને વડીલો કે નાના-મોટા ભાઈ-બહેનની વાત સાંભળવી જોઈએ તો આપણે પણ આપણાં જીવનમાં ઊંધે રસ્તેથી પડી જતા બચી જઈશું.**

**બીજુ કોઈ વસ્તુની લાલચમાં આવી ના જવું જોઈએ નહીં તો આપણે આપણા નક્કી કરેલા ધ્યેયને પહોંચી વળીશું નહીં.**

# દાદાનગરમાં ઉજવાયેલ 'અક્રમ વિક્રમ' ની ઝલક શોભાયાત્રા

## સમોવસરણમાં પ્રાણીઓ, દેવ-દેવીઓ અને સાધુ-સાધ્વીજીઓ













## કષાયોનું સ્વરૂપ



## નીરૂમાએ લખી અવિરત વાણી...



# કલ્ચરલ પ્રોગ્રામ

## વેલકમ ટુ પૂજ્યશ્રી



## સરસ્વતી દેવી વંદના



## નારદ મુનીનો સરસ્વતી દેવી સાથે વાર્તાલાપ





## નમો નમામિ તીર્થંકરમ્ - દેવ-દેવીઓનું સુંદર નૃત્ય















મામાની પોળનું સુંદર દૃશ્ય



## આપ્તવાણી વિમોચન નૃત્ય





## આપ્તવાણી ૧૪ના વિમોચનનું દૃશ્ય






Akram Express
February 2016
Year : 8, Issue : 6
Conti. Issue No.: 90

BALVIGNAN
Fun 'n' Gnan with Dada

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2015-2017
valid up to 31-12-2017
LPWP Licence No. CPMG/GJ/27/2015
valid up to 31-12-2017
Posted at Adalaj Post office
on 08th of every month

# અને છેલ્લે છેલ્લે....

ટીચર : જો તું મને કહી શકીશ કે ભગવાન ક્યાં છે તો હું તને ૧૦૦ રૂપિયા ઈનામમાં આપીશ.

બાળક હસે છે અને જવાબ આપે છે - ટીચર, હું તમને કરોડો રૂપિયા આપીશ, જો તમે મને એ કહેશો કે ભગવાન ક્યાં નથી.



અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. AGIA4313 # અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં # # હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. AGIA4313 # #. અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો SMS કરવો.

૧) કાચી પાવતી નંબર અથવા ID No., ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - શ્રી ડિમ્પલભાઈ મહેતા દ્વારા અંબા ઑફસેટ - પાર્શ્વનાથ ચેમ્બર્સ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૧૪ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.